રવિવારી પૂર્તિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સનાતન ધર્મ પત્રિકા
Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

દક્ષિણ કર્ણાટક ઝોન ઘટક સમાજોની સંપર્ક યાત્રા

છાભૈયા માજી પ્રમુખ ખીમજીભાઈ પોકાર સલાહકારો મા ધનજીભાઈ છાભૈયા તથા વસંતભાઈ ગોરાણી આમ પંચ પરમેશ્વર ઘટક

સમાજોની સંપર્ક યાત્રામાં નીકળ્યા હતા.

તેમાં પ્રથમ સવારના બેંગ્લોરથી વહેલી સવારે નીકળી સાડા દશ વાગે મૈસૂર મધ્યે શ્રી પાટીદાર પરિવાર સમાજ મૈસૂર ના હોદેદારો સલાહકારો તથા યુવામંડળના સભ્યો સાથે ભેગા મળીને હાલમાં કેન્દ્રીય સમાજની ગતિવિધિનો અહેવાલ તથા ઝોન સમાજની ગતિવિધિનો અહેવાલ આપ્યો હતો,

અને ખાસ મુદ્દો આપણી કેન્દ્રીય સમાજની ભુજ ખાતેની જમીન માટે ભુમી દાન બાબતે ખુલાસા વાર માહિતી આપી હતી અને આપણ ને માં ઉમિયા એ આપ્યું છે તેમાંથી યથા શક્તિ પ્રમાણે નામ નોંધાવી શકો છો. અને લગભગ આપણાં સ્વ. જનો ના નામે નોંધાવે છે જે તેમની સ્મરણાંજલિ રૂપે પણ ઘણી શકાય.

આવી બધી માહિતી બાદ ભૂમિ દાન માટે સારો સહકાર મળ્યો પણ સંખ્યા સિમિત હોવાથી થી પચ્ચીસ વારની નોંધ થઈ બાકી સમાજના હોદેદારોએ જણાવ્યું કે દર મહિનાના પહેલાં રવિવારે અમો ભેગા થઈએ છીએ ત્યારે આ બાબતે અન્ય જનોને જાણકારી આપીને જેમ બનસે તેમ સારૂ કરવાના પ્રયત્નો કરશું તેમ જણાવેલ હતું. તથા ઝોન સમાજમા આરોગ્ય નીધી આગામી તા. 17.07.22 ના કારોબારી સભામાં ચાલુ કરવામાં આવશે.

તેમાં નવ જણાની સમિતિ બનાવી છે. તેમાં ઝોનની અંદર રહેતા આપણી જ્ઞાતિના કોઈ પણ સભ્યની આર્થિક પરિસ્થિતિ નબળી હોય અને દવાખાને ગંભીર બિમારી માટે સહાયની જરૂર હોય તો ઘટક સમાજની ભલામણથી બે થી

એજ્યુકેશન માટે કેન્દ્રીય સમાજ નિયત કરેલી રકમની સહાય આપશે. પણ એક થી દશની અંદર પણ વિધાર્થીઓ હોશિયાર હોય ભણવાની ઈચ્છા હોય પણ પિતાની પરિસ્થિતિ નબળી હોય તો તેના માટે પણ એક સમિતિનું ગઠન કરીને તેમને સહાય રૂપ થવું.

આવી પણ યોજના વિચારી છે આવતી કારોબારીમાં આ બાબતે વિચાર વિમર્શ કરશું આવું પ્રમુખ ચીમનભાઈ લિંબાણીએ માહિતી આપી હતી. અને મૈસૂર સમાજના પ્રમુખ ગોપાલભાઈ સાંખલા તથા તેમની ટીમે અમોને માન સન્માન આપ્યુ અને તમો સમાજ માટે નિસ્વાર્થ સેવા તથા ભોગ આપી રહ્યા છો તે બદલ અમારી મૈસૂર સમાજ આપનો આભાર માને છે,

અને અમો પણ જરૂર સહયોગ આપશુ આવું સમાજના મહામંત્રી ચંદુભાઈ સાંખલાએ જણાવ્યું હતું અને ઝોનના હોદેદારોએ પણ સ્થાનિક સમાજના સભ્યોનો આભાર માન્યો હતો અને આજે તમોએ જે દિલથી ભૂમિ દાન લખાવ્યુ છે તેમને ધન્યવાદ આપ્યા હતા અને અમો પાંચ જણાનું જમવાનું રતનશીભાઈ રંગાણીના ઘરે હતું અને ત્યારબાદ આનંદ ઉલ્લાસથી સહુ છટા

સભ્યો મધૂર મધ્યે ભેગા થયા હતાં ત્યા અમો પહોંચ્યા હતા અને ઉપર પ્રમાણેની માહિતી આપી હતી અને ત્યાં પણ સંખ્યા પૂરી ન હોવાથી ત્રણ ચાર જણાંએ પોતાની શક્તિ પ્રમાણે નોંધ આપી હતી અને જેમ બનસે તેમ પ્રયત્ન કરી સારૂ કરશું તેવું સમાજના પ્રમુખ જયંતિભાઈ રામાણી તથા હાજર સભ્યો દ્વારા આશ્વાસન આપ્યું હતું અને જયંતિભાઈએ ઝોનના વડિલો નો આભાર માન્યો હતો અને ઝોન સમાજે સ્થાનિક સમાજના સભ્યોનો આભાર માન્યો હતો અને સારૂ કરશો તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

અને ત્યાંથી રામનગરા મધ્યે શ્રી રામનગરા પાટીદાર સનાતન સમાજ ના સભ્યો સાથે મુલાકાત લીધી હતી અને ત્યાં પણ ઉપર મુજબ ની માહિતી હાજર રહેલા સભ્યો ને આપવામાં આવી હતી અને સમાજો નાની હોવાથી સમાજ ના નામથી ત્રણ વાર તથા અન્ય એક સભ્યે ત્રણ વારની નોંધ કરાવી હતી અને બાકી અમારી સમાજની જ્યારે મિટિંગ થશે ત્યારે તમોએ જે જાણકારી આપી છે,

તે દરેક સભ્યોને આપશુ અને સારૂ થશે તેવું કાંઈક કરશું તેવું આશ્વાસન સમાજના પ્રમુખ વિશ્રામભાઈ ભાવાણી એ આપ્યું હતું અને અરસપરસ આભાર વ્યક્ત કર્યો હતો અને ત્યારબાદ ત્યાંથી અમો બેંગ્લોર માટે રવાના થયા હતાં અને રાત્રે સાડા સાત વાગ્યે બેંગ્લોર થી દરેક સભ્યો પોતાના ઘરે જવા છૂટા પડ્યા હતા અને નજીક માજ અન્ય સમાજો નો પણ સંપર્ક કરીએ આવું વિચાર્યુ છે.

અને જ્યાં ગયા હતાં ત્યા સમયાનુસાર સારો પ્રતિસાદ મળ્યો હતો. અને ચાલીસેક વાર ની નોંધ સ્વેચ્છાએ ભામાશાઓ એ કરાવી હતી.

વતન ની યાંદે...જ્યાં જ્યાં વિથોણ ત્યાં ત્યાં અષાઢી બીજ તારીખ 25/6/2022..... કોરોના કાળ બાદ એકવાર ફરીથી સંત શ્રી ખેતાબાપાને યાદ કરતા બાલેશ્વરમાં ધૂમધામથી અષાઢીબિજ મનાવાની તૈયારી કરવા માટે મિટિંગમાં માદરે વિથોણના ભાઈઓ દ્વારા જનરલ મીટીંગ..

- સર્વ જીવોના કલ્યાણાર્થે -
શ્રી મહામૃત્યુંજય મહાયજ્ઞ
॥ ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્ ઉર્વારુકમિવ બન્ધનામ્ મૃત્યોર્મોક્ષિયમામૃતાત્ ॥
શિવની સ્તુતિ રૂપે રચિત આ મહાન મંત્રનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળ્યો છે. એથી એને મહામૃત્યુંજય મંત્ર એટલે કે મૃત્યુ ઉપર વિજયનો મંત્ર કહેવાયો છે.
આદિ-અનાદિ કાળથી ચાલતી આવી રહેલી ઋષિમુનીઓની પરંપરાથી પ્રેરણા લઈ શ્રી વિથોણ જીવદયા સમિતિ પશુઓ તથા પ્રાણીઓ મા આવેલા લમ્પી વાયરસને નાથવા મહામૃત્યુંજય મહાયજ્ઞ કરવા જઈ રહી છે.
તો ચાલો આપણે સૌ સાથે મળીને આ લમ્પી નામક વાયરસને દુર કરવા અબોલા જીવોને માટે દવા સાથે દુઆ કરીએ. સર્વે ગ્રામજનોને પધારવા વિનંતી.
શ્રી વિથોણ જીવદયા સમિતિ
॥ સ્થળ ॥ સંતશ્રી ખેતાબાપા સંસ્થાન વિથોણ
તા. ૨૯-૦૯-૨૦૨૨, રવિવાર સમયઃ સવારે,૮:૩૦ કલાકે.

આ વિચાર મંથન માગી લે છે :-

ઘેટાંના ટોળાને ભાષણ આપતા નેતાએ વચન આપ્યું કે દરેક ઘેટાંને એક એક ધાબળો આપવામાં આવશે .....

બધા ઘેટા આનંદમાં નાચી ઊઠ્યા,

એક ઘેટાંના બચ્ચાંએ પોતાની માતાને પૂછ્યું ......

આ નેતા ધાબળા માટે ઉન ક્યાંથી લાવશે ....??

ત્યાં એકદમ *શાંતી* છવાઈ ગઈ ....!!!

કાશ આવોજ સવાલ આપણે લોકો એક બીજાને આપણા રાજકારણી નેતાઓ માટે પૂછીએ તો ?

કર્જ માફ, વીજળી માફ, અનાજ માફ, મોબાઇલ ફોન, સાઈકલ, લેપટોપ, આ બધું મફત આ બધું ફ્રી આપવા માટે લાવશે ક્યાંથી ???

SUV international school

હિંમતનગર માં ક્રિકેટ નું ભવ્ય આયોજન.

સનાતન સમાજ હિંમતનગર દ્વારા સુપર સેવન નાઈટ ગલી ક્રિકેટ ટુર્નામેન્ટ 02 નું આયોજન શ્રી કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ હિંમતનગર પ્રેરિત તથા યુવક મંડળ દ્વારા આયોજિત સુપર સેવન નાઈટ ગલી ક્રિકેટ ટુર્નામેન્ટ-02, 2022 યોજવામાં આવેલ જેના મુખ્ય સ્પોનસર અક્ષરમ્ મોટર્સ હિંમતનગર હતા.

પાસ્ટ કરાવ્યા બાદ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને માં ઉમિયાના જય ઘોષ સાથે કાર્યક્રમને ખુલો મૂકવામાં આવ્યો.

આ ટુર્નામેન્ટમાં કુલ 27 ટીમ બનાવી ને સામે રાજ ગેલેક્સી રાઈડર્સ એમ બન્ને ટિમ વચ્ચે ફાઇનલ રમાઈ હતી. જેમાં સેવન વોરિયર્સ અશ્વમેઘ ફાઇનલ વિજેતા ટિમ થઈ હતી તેમાં બેસ્ટ બેસ્ટમેન વંદન જગદીશભાઈ

બેસ્ટમેન ગૌરવ જેન્તીભાઈ રૂડાણી અને બેસ્ટ બોલર કશ્યપ અશોકભાઈ સુરાણી થયા હતા. વુમન્સ ફાઇનલમાં સેવન એંજલ્સ અશ્વમેધ અને કામધેનું કવીન્સ સહકારી જીન વચ્ચે રમાઈ હતી. તેમાં ફાઇનલ વિજેતા કામધેનું કવીન્સ સહકારી જીન થઈ હતી. વિમેન ખેલાડીમાં બેસ્ટ બોલર તરીકે ભીમાંણી રસમિકાબેન અનિલભાઈ થયા હતા.

વિજેતા અંડર ૧૫ ની અને યુવાઓની તેમજ મહિલાઓની ૦૩ ટીમ

કાર્યક્રમમાં સર્વ પ્રથમ સમાજના પ્રમુખ મંત્રી તથા યુવક મંડળના પ્રમુખ મંત્રી અને મહિલા મંડળના પ્રમુખ મંત્રી અને શ્રી હિંમતનગર શહેર ક.ક.પા.સનાતન સમાજના પ્રમુખ મંત્રી તથા સ્પોન્સર અક્ષરમ્ મોટર્સના પ્રતિનિધિ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ સર્વે ટીમ ના ખેલાડીઓ દ્વારા માર્ચ

ખેલાડીઓ એ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં મેન અંડર -15 માં કુલ 06 ટિમ હતી અને મેન ઓવર-15 કુલ 16 ટિમ એ ભાગ લીધો હતો અને વુમન્સ માં કુલ 05 ટિમો એ ભાગ લીધો હતો મેન અંડર-15 માં સેવન વોરિયર્સ અશ્વમેધ સોસાયટી

પારસીયા અને બેસ્ટ બોલર મંત્રમ કિરણભાઇ દિવાણી થયા હતા.

મેન ઓવર-15 ફાઇનલમાં લક્ષ્મી પાર્ક A અને DKR સેવન વચ્ચે રમાઈ હતી તેમાં લક્ષ્મી પાર્ક A ટિમ વિજેતા થઈ હતી તેમાં બેસ્ટ

આમાં વિજેતા ટિમ અને રનર્સ અપ ટિમ અને બેસ્ટ બેસ્ટમેન અને બેસ્ટ બોલરને ટ્રોફી સમાજના પ્રમુખ મંત્રી અને યુવક મંડળના પ્રમુખ મંત્રી મહિલા મંડળના પ્રમુખ મંત્રી દ્વારા આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાબર રીજીયન, હિંમતનગર ડિવિઝનપ્રચાર પ્રસાર વતી,PRO અમિત રામાણી.

એવોર્ડ થકી કમળાબેન ભાદાણી સન્માન સમારોહ

કમળાબેન ભાદાણી વિદ્યાનગર આણંદ જેઓની આંતર રાજ્ય પરસ્પર પરીવારને લગ્ન બંધન થી જોડી અને દહેજ પ્રથાનો ત્યાગ અને દીકરીનાં પરીવારને ગૌરવભેર કોઈ પણ આર્થિક બોજ વિના પસંદગી સુપાત્ર સાથેનાં વિવાહિત સહજીવન કાજે લગ્ન કરાવી આપવા સતત ભારતભરના ભ્રમણ કરીને ઉત્તમ સમાજ સેવા કાર્ય કરવા અર્થે એમના કાર્યની સરાહના સાથે નોંધ લેવામાં આવી સાથે અન્ય આવા કાર્ય કરનારનું પણ સન્માન કરવામાં આવેલ.તારીખ 24-06-2022 ના રોજ અમદાવાદ ખાતે મેડિકલ એશોસીયન હોલ ખાતે અભિનવ ફિલ્મ પ્રોડક્સન આયોજિત "સમાજ રત્ન એવોર્ડ " દ્વારા કમળાબેન નું અનોખુ સ્મૃતિભેટ સાથે સન્માન કરવામાં આવ્યું.

24-06-2022 ના રોજ મેડિકલ એસોસિએશન હોલ અમદાવાદ ખાતે અભિનવ ફિલ્મ પ્રોડક્શન આયોજીત "સમાજ રત્ન એવોર્ડ" સમારોહ યોજાયો હતો. જેમાં કુલ 47સમાજ રત્નોને અલગ અલગ કેટેગરીની કામગીરી ને બિરદાવી એવોર્ડ આપી સન્માન કરવામાં આવેલ. જેમાં MMBVS ના રાષ્ટ્રીય અધ્યક્ષ નિલેશભાઈ જોશી. MMBVS ના રાજ્ય મીડિયા કોઓર્ડનેટર કલ્પેશભાઈ પટેલ. MMBVS ના આણંદ જિલ્લા કોઓર્ડીનેટર નિમિષાબેન જાની. MMBVS ના આણંદ જિલ્લા મંત્રી કમળાબેન પટેલ. MMBVS ના સક્રિય મેમ્બર મનીષાબેન શાહ ને એવોર્ડ આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મ કલાકારો -સાહિત્ય કલાકારો તેમજ નામાંકિત વ્યક્તિઓ હાજર રહ્યા હતા. આ માનવ અધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંસ્થા માં ૨૦૦ થી વધુ સંખ્યા માં સહયોગીઓ અનેં અગ્રણીઓ જોડાયા હતા.કમળાબેન ભાદાણી ની ઘર પરીવાર અને સાથે સાથે આંતરરાજ્ય પરિવારનું બેટી આદાન પ્રદાન એ સરાહનીય કાર્યની સિદ્ધિ સાથે ની માહિતી સર્વ ને આપવામાં આવેલ.M M B V S માનવ અધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન.

અમને તો મીડિયા મહેકે તે ગમે!!

"જાહેર રજાના બીજા દિવસે જ્યારે છાપું વાંચવા ન મળે, ત્યારે મને લાગતું કે મારી તબિયત બગડી ગઈ છે! હું બંગલાના નાનકડા ચોકમાં ગાંડાની જેમ આંટા માર્યા કરતો !!- આ વાત જ્યારે રિલાયન્સના એકાઉન્ટ વિભાગમાં સેવા આપતા ઉચ્ચ અધિકારી પાસેથી સાંભળી, ત્યારે નવાઈ લાગી હતી. જો કે પ્રમુખસ્વામી મહારાજના એક જ વાક્યે તેમની આ નબળાઈ આજીવન નાબૂદ થઈ હતી.

સ્વામીશ્રીએ કહેલું કે "ઉપયોગી બાબતો તમારા નીચેના માણસો પાસેથી જાણી લેવી. બાકીનો કચરો મન અને હૃદયમાં ભરવાની શી જરૂર?" પછીથી તેમણે કહ્યું હતું કે "તમે ઇચ્છો કે ન ઇચ્છો, (મીડિયાનો) કચરો વ્યક્તિત્વ ઉપર ખોટો પ્રભાવ પાથર્યા વિના રહેતો નથી..."આ પ્રસંગ એટલા માટે યાદ આવે છે કે કોરોનાના લૉકડાઉન સમયે લાગતું હતું કે દોઢ-બે વર્ષના શાંત એકાંતમાં માણસે વિચાર કરવાની ટેવ કેળવી લીધી હશે. શાંતિ તેની ટેવ બની ચૂકી હશે. જીવનનો વાસ્તવિક આનંદ લેવા માટેના વિકલ્પો તેણે શોધી લીધા હશે.

પરંતુ લૉકડાઉન ઊઠતાની સાથે એક પછી એક સામાજિક, ધાર્મિક, રાજનૈતિક અને રાષ્ટ્રીય સંદર્ભમાં આખી માનવજાતને વિશ્વયુદ્ધની કગાર પર પહોંચાડવા જેવી એક પછી એક એવી દુર્ઘટનાઓ શરૂ થઈ છે કે આખો દેશ જાણે કોમવાદ, વિખવાદ, વંશવાદ, પૈસાવાદ અને આતંકવાદના જ્વાળામુખી પર બેઠો હોય તેવું ભયાનક ચિત્ર ઊભું થાય છે.

સાચું કહેજો, જો તમારામાં હજુ પણ હૈયું બચ્યું હોય, તો તમે બિલકુલ તટસ્થ માનસિકતા સાથે માસ-મીડિયામાંથી ચરકતા સમાચારો અને ડિબેટ જોવા સક્ષમ છો? માણસ જ માણસ માટે નફરતનાં બી નહીં, જંગલો વાવી રહ્યો છે. અને તેનો અનુભવ કરવા હવે ઘરની બહાર જવાની શી જરૂર? મોબાઈલનો સ્ક્રીન અને ટી.વી.નો પડદો પૂરતો નથી?માત્ર ભારતમાં જ ૪૦૦ જેટલી ન્યુઝ ચેનલ સરકારમાન્ય મીડિયા પ્લેટફૉર્મ પરથી વરસી રહી છે. જેમાં યૂટ્યૂબ, ઇન્સ્ટા કે ફેસબુક પર ચાલી રહેલી પ્રાઇવેટ ચેનલોનો કોઈ સમાવેશ નથી. આ નાની-નાની ચેનલોના પણ લાખો દર્શકો છે. તે ચેનલ ચલાવનારાઓ પણ સેંકડો રાજકીયવિશ્લેષકો અથવા મંતવ્યવાદીઓ છે.

જેમ ઓટીટી પ્લેટફૉર્મ પર આવતા કન્ટેન્ટ ઉપર સરકારનો કોઈપણ કંટ્રોલ નથી, તેમ આવાં મંતવ્યવાદી યુટ્યૂબર્સ વગેરે ઉપર પણ સરકારનો કોઈ કન્ટ્રોલ નથી.જર્નલિઝમનો કોર્સ કરવા માટે જાય છે, તેમને ખબર હશે કે કોર્સમાં એક નીતિ ભારપૂર્વક શીખવવામાં આવે છે.

જર્નાલિઝમ ફર્સ્ટ! માત્ર સમાચારોનું સંકલન કરો, યોગ્ય રીતે દર્શાવો, અને તટસ્થતાપૂર્વક વ્યક્ત થાઓ.પરંતુ ભાઈ, પત્રકારો પણ આખરે માણસ છે. તેમને પણ બુદ્ધિ છે, વાંચન છે, વિશ્લેષણ ક્ષમતા છે, દેશ-દુનિયામાં થતી સફર દરમિયાનના અનુભવો છે, રાજકારણીઓ સાથેના સંબંધો છે, અને પોતાની ચેનલ કે પોતાની માન્યતાને સર્વ શ્રેષ્ઠ ઠરાવવા માટેની કોમ્પિટિટિવ સ્પિરિટ છે.

અને એટલે જ આખરે તે પણ ઉત્તમ જર્નલિઝમ કરવા માટે કમર કસીને આવ્યો હશે, તો પણ તેના પોતાના કૃતિત્વ ઉપર આગળ કહી તે બધી જ બાબતો હાવી થતી જાય છે...ઇંગ્લેન્ડના લેખક જોશ વ્હાઈટે એટલા માટે જ કહ્યું હતું કે માસ મીડિયા એ છે, કે તેમાંથી પત્રકારો અને લોકો પોતાને મનગમતું ઝેર પસંદ કરી શકે છે!!ટી.વી. ન્યૂઝ ચેનલ્સમાં જેમ જેમ ડિબેટની ફોર્મેટમાં પત્રકારત્વ ખેંચાતું ગયું, તેમ તેમ તેમાં વ્યક્તિગત દૃષ્ટિકોણ ઉમેરાતા ગયા, સંકલનની તટસ્થતા ખોરવાઈ, માર્કેટનું દબાણ (અહીં પૈસાનું સમજવું) વધ્યું, રાજકીય પક્ષોની વિચારધારા જે તે ચેનલ પર હાવી થવા લાગી, તેમ તેમ મહદંશે ઘણી ખરી ન્યુઝ ચેનલ વણકહી સ્પર્ધાનો ભાગ બની ગઈ.

તેમાંથી શબ્દો ઉછળવા લાગ્યા: ટી.આર.પી., નરેટીવ્સ, પ્રાઇમ ટાઈમ, રુમર, સનસનીખેજ અને એવું ઘણું બધું. પરિણામ એ આવ્યું કે અસંસદીય ભાષાના પ્રયોગોની સુનામી શરૂ થઈ. ધાર્મિક સમજ, સિદ્ધાંત કે માન્યતાઓ સામે આદરદૃષ્ટિને બદલે પ્રશ્નો અને પ્રતિપ્રશ્નોનાં તીર ચાલવા લાગ્યાં. જનમાનસને ડોહળીને દુનિયાભરમાં એ જ વાતાવરણ દર્શાવવાની જાણે ગળાકાપ હરીફાઈ શરૂ થઈ કે આખા દેશનું વાતાવરણ બળતા ટાયરો, ફેંકાતા પથ્થરો વગેરે સાથે ધગધગી રહ્યું છે!!

શું ભારત ઈલેક્ટ્રીક વાહનો સાથે પ્રદૂષણમુક્ત દેશની સંકલ્પના માટે પ્રયાસશીલ નથી? શું સ્ટીલના કચરામાંથી બનતા મજબૂતમાં મજબૂત હાઈવે સ્ટ્રક્ચર માટે દેશનું તંત્ર મથી રહ્યું નથી? શું ઇસરો હજારો પ્રોગ્રામ દ્વારા અવકાશ વિજ્ઞાનના અનોખા રેકોર્ડ સ્થાપવા માટે કટિબદ્ધ નથી? દેશની ખેતીવાડી કોલેજોમાં હાઇટેક અને ઓર્ગેનિક ખેતી માટેનાં સંશોધનો ચરમ પર પહોંચીને દેશની અર્થવ્યવસ્થામાં અનોખું પ્રદાન આપવા માટે રાતદિવસ એક કરતું નથી?

શું દેશના સ્ટેશનો ઉપર કુલીઓ કે ઓફિસોના ટેબલોની આસપાસ ફરતા પટાવાળા પોતાના પરિવાર સાથે દેશના અર્થતંત્રમાં પોતાના સ્તરનું યોગદાન આપી રહ્યા નથી? સેંકડો-હજારો ચેરીટેબલ ટ્રસ્ટ લાખો બાળકોને આર્થિક અથવા સાધનોની મદદ કરીને શિક્ષિત ભારત બનાવવા માટે પરસેવો પાડી રહ્યા નથી? શું બોર્ડર પર ચીનથી માંડીને પાકિસ્તાન સુધી તીક્ષ્ણ આંખો ખોડીને ધારદાર હથિયારો સાથે દેશની સેના દેશને માટે મરવા તૈયાર નથી? દેશમાં છેલ્લા ચાર વર્ષમાં નાના સ્ટાર્ટઅપથી માંડીને ૨૦૦થી વધારે યુનિકોન કંપનીઓ દુનિયાની અનેક કંપનીઓને હંફાવી રહી છે, તે દૃશ્ય સુકુન આપનારું નથી?

સુરત જેવા શહેરમાં રહીને ગુગલને પોતાના ટેકનીકલ જ્ઞાનનો લાભ આપનાર યુવાનોની ટીમ કાર્યરત નથી? દર એક સેકન્ડે 18 સાઇબર ક્રાઇમ બનતા હોય, ત્યારે ઠગ ટોળકીઓ દ્વારા ઠગાઈ ચૂકેલા પૈસા માત્ર ૧૨ કલાકમાં માલિકના ખાતામાં પરત લાવનાર એથિકલ હેકર્સ દેશની સેવા માટે હોંશ ધરાવતા નથી?મને લાગે છે કે આપણે ટીવી સ્ક્રીન પર 'ટાયરના ધુમાડાથી દેશને જલતો જોવા માટે' બંધાયેલા નથી.

જ્યારે રાષ્ટ્રવિકાસ સાથે સંકળાયેલા સકારાત્મક સમાચારોની પણ સાચી ઈજ્જત કરતા શીખીશું, ત્યારે કમઅક્કલ સમાચાર ચેનલોની ટી.આર.પી. અંગેની પરિભાષા જરૂર બદલાશે.અમેરિકન પત્રકાર પેટ્રિક જેગરે સાચું જ લખ્યું હતું કે ઉદાસીનતા સાથે કહેવું પડે છે કે અમને સમાચાર માધ્યમોમાં જે જોવા મળે છે, તેને અમે માત્ર કાલ્પનિક વાર્તા તરીકે સ્વીકારીએ છીએ!

અમને ઝેરમાં નહીં, અમૃતમાં રસ છે...હા, માસ મીડિયાના બધા જ માધ્યમોને હાથ જોડીને પ્રાર્થના કે અમને વાસ્તવિકતા જરૂર બતાવો, પણ તમારા ટી.આર.પી.ની લાહ્યમાં અમારા મગજની નસોમાં એવા બ્લોકેજ કદી ભરશો નહીં કે હવે મારું અને દેશનું શું થશે!! અમારું મન પ્રસન્નતાને ઝંખે છે, સકારાત્મકતાને આવકારે છે, સંશોધનોને વધાવે છે, અને દેશના વિકાસ માટે મથતા દરેકે દરેક ક્ષેત્રના મહારથીઓને સલામ કરવા ઝંખે છે...

શું તમે અમને એવી તક આપી શકશો? બાકી, નાકની સૂંઢમાં મળનું ટિફિન લઈને ફરતી માખીને મોગરાના મઘમઘતા બગીચામાં લઈ જવાથી કશો ફરક પડતો નથી...

- હરિકૃષ્ણ શાસ્ત્રી.

મહારાષ્ટ્ર રાજ્યમાં ક.ક.પા. સમાજના વિદ્યાર્થી ઝળક્યા

મોકસી નિલેશ સેંઘાણી
મહારાષ્ટ્ર રાજ્ય SSC બોર્ડમાં
૮૯.૧૭%

ગંગાધામ પુના ,(કચ્છમાં ગામ ગઢશીશા)

સૌ.રીનાબેન નિલેશભાઈ સેંઘાણીની સુપુત્રી મોક્સીએ મહારાષ્ટ્ર SSC બોર્ડની પરીક્ષામાં ૮૭.૧૭% મેળવી પોતાની અભ્યાસ અંગેની તેજસ્વીતાની પ્રતીતિ કરાવી છે. સેંઘાણી પરિવાર તેમજ શ્રી લક્ષ્મનારાયણ સનાતન સમાજ કોંઢવા, પુના તેમની આ સિદ્ધિને બિરદાવે છે.

હેમિત કૈલાસ સેંઘાણી
મહારાષ્ટ્ર રાજ્ય SSC બોર્ડમાં
૯૨.૦૦%

હડપસર પુના, (કચ્છમાં ગામ ભિટારા)

સૌ.નીતાબેન કૈલાસ સેંઘાણી નાં સુપુત્ર હેમિત એ મહારાષ્ટ્ર S S C બોર્ડની પરીક્ષામાં ૯૦.૦૦% મેળવી પોતાની અભ્યાસ અંગેની તેજસ્વીતા ની પ્રતીતિ કરાવી છે. સેંઘાણી પરિવાર તેમજ શ્રી લક્ષ્મનારાયણ સનાતન સમાજ કોંઢવા, પુના તેમની આ સિદ્ધિ ને બિરદાવે છે.

ઉચ્ચ ગુણ મેળવી આવનાર સમયે તેઓ જરૂર પરીવાર અને સમાજનું ગૌરવ વધારશે.
અભિનંદન...
એજ્યુકેશન અને ટેલેન્ટ હન્ટ મિશન.

ધાવડા મોટા સૌ ભણે......સૌ આગળ વધે.......

સતત ત્રણ દિવસ ગુજરાત નાં તમામ મુખ્ય અધિકારી તેમજ રાજકીય પદાધિકારી કે સામજિક અગ્રણીઓ ગુજરાતમાં સાક્ષરતા વધે અને ડ્રોપ રેશિયો નહિવત બને તે માટે જ્યારે મોદીજી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારથી સતત શાળા માં 03 દિવસ દરેક ને જવું એવો અભિગમ બનાવ્યા છે જે ને શાળા પ્રવેશોત્સવ નામે મિશન ઉપાડ્યું છે.

જે સફળ પુરવાર થયું છે. જે અંતર્ગત ગત રોજ અંજાર તાલુકા ના મેઘપર (બોરીચી) ગામે શાળા પ્રવેશઉત્સવ માં હાજરી આપતા સરપંચશ્રી કંકુબેન ભોજુભાઈ બોરીચા અંજાર તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા પરમાભાઈ પટેલ, મેઘપર ગ્રામ પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન ગોવિંદભાઈ દાફડા, પટેલ સમાજના અગ્રણી જયંતીભાઈ પોકાર અને ગામના આગેવાનો હાજર રહ્યાં હતાં.

બાળકોને ગિફ્ટ આપવાનું અને વૃક્ષ વાવેતર તેમજ શાળા સંકુલ સ્વચ્છ અને સુઘડ રાખવાનું તેમજ વિદ્યાર્થીઓ સ્કૂલ માં ફરજિયાત આવે તેની નોંધ તેમજ સવિશેષ કરવા યોગ્ય કાર્ય કરવામાં આવેલ.

આજ રોજ ધાવડા મોટા પંચયત પ્રાથમિક શાળા મુકામે રાજ્ય સરકારના યોજના અંતર્ગત શાળા પ્રવેશ મહોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો. જેમાં ધોરણ.૦૧ માં નવા આવેલા બાળકોનું પ્રવેશ સ્વાગત કરવામાં આવ્યું અને તમામ નવા વિદ્યાર્થી ઓને દાતાશ્રી સ્વ.શીવજી નાગજી ડાયાણી પરિવાર દ્વારા (સ્કૂલ બેગ કીટ) આપવામાં આવી,

તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. તેમજ કેટલાક દાતાઓ મિત્રો દ્વારા બાળકો ને અભ્યાસ કરાવવા માટે દત્તક લેવામાં પણ આવ્યા...આ પ્રોગ્રામમાં અબડાસા ના ધારાસભ્ય પી.એમ.જાડેજા. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી જયાબેન ચોપડા. તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી જયસુખભાઈ ડાયાણી સહિત અનેક રાજકીય અને શૈક્ષણીક અધિકારી સાથે હાજર રહ્યા અને સમસ્ત ગામનાં જ્ઞાતીજનો હાજર રહ્યા....

આ પ્રસંગ નિમિતે શાળાના તમામ વિદ્યાર્થીને તિથિભોજન સ્વ.હરજી હંસરાજ ડાયાણી પરિવાર દ્વારા કરવામાં આવ્યું...ભણે એ આગળ વધે.



સતત સામાજિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ શ્રીસમાજના ભૂતપૂર્વ મહામંત્રી અને ટ્રસ્ટી વાલજીભાઈ ચૌહાણ છેલ્લા શ્વાસ સુધી વ્યસ્ત રહ્યા



કેન્દ્રીય સમાજના ભૂતપૂર્વ મહામંત્રી અને ટ્રસ્ટી તેમજ સત્સંગ સમાજના હાલે મહામંત્રી વાલજીભાઈ હીરજીભાઈ ચૌહાણ દહાણુવાળાનું દુઃખદ અવસાન થયું છે, તેઓ કચ્છ માં દયાપર ગામ ના જેમની ઉંમર ૭૬ વર્ષના હતા. અચાનક જ કેન્સરનાં ભરડામાં સપડાયા પણ તબીબોની સારવાર કારગત ન નીવડતા તા.૨૪.૦૬. ૨૦૨૨ ના દહાણુ રોડ ખાતેના તેમના નિવાસસ્થાને જ અંતિમ શ્વાસ લીધા હતા. ગત રોજ સવારના તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી .

વાલજીભાઈ સમાજની દરેક સંસ્થાઓમાં સક્રિય ભૂમિકા સાથે જોડાયેલ હતાવ્યવસાયે દહાણુ રોડ સેટલ થયેલ અને નામના પણ મેળવેલ જેઓ છેલ્લા ત્રણ દાયકાથી પણ વધારે સમયથી સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા પદે રહેલા. વાલજીભાઈ ચૌહાણનું લખપત તાલુકા કડવા પાટીદાર સમાજના સંગઠન અને વિકાસમાં નોંધપાત્ર સમય સાથે યોગદાન રહ્યું હતું . તેઓ હાલમાં આ સંગઠનમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા હતા .

કેન્દ્રીય સમાજમાં પણ તેમણે મંત્રી , મહામંત્રી અને છેલ્લે ટ્રસ્ટી તરીકેની સેવા બજાવી હતી. પોતાની સૌમ્ય અને સાલસ પ્રકૃતિના કારણે વાલજીભાઈ દહાણુવાળાએ દરેક સંસ્થાઓમાં સાથી કાર્યકરો સાથે આત્મીયતા કેળવી હતી .

સ્વામિનારાયણ સત્સંગ સમાજના પણ મોભી હતા કેન્દ્રીય સત્સંગ સમાજમાં પણ છેલ્લા પાંચ વર્ષથી તેઓ મહામંત્રીનું જવાબદારીભર્યું પદ સંભાળી રહયા હતા . તેમના અચાનક નિધનથી સત્સંગ સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી હોવાનું સમાજના પ્રમુખ હરિભાઈ ભગત મોરબી એ જણાવ્યું હતું .

પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને પરમ શાંતિ અર્પે અને કુળદેવી મા ઉમિયા માતાજી , શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન નીજ ચરણોમાં તેમને સ્થાનઆપે તેવી પ્રાર્થના ... ૐ શાંતિ ... ૐ શાંતિ ... ૐ શાંતિ

અવસાન નોંધ

તારીખ: ૨૫ /૬/૨૨ સ્વ.રતનશીભાઈ કરમશીભાઈ પોકાર ઉંમર વર્ષ : 84 કચ્છમાં ગામ-કોટડા (જ.)	
તારીખ: ૨૪/૬/૨૨ સ્વ.કાનજીભાઈ અરજણભાઇ હળપાણી ઉંમર વર્ષ : ૮૮ કચ્છમાં ગામ ઘડુલી, હાલે આણંદ.	તારીખ: ૨૪/૬/૨૨ સ્વ.જમનાબેન શિવજીભાઈ ઘોઘારી ઉંમર વર્ષ :75 કચ્છમાં ગામ-દેશલપર (ગુંતલી) હાલે-ઔરંગાબાદ.
તારીખ: ૨૪/૬/૨૨ સ્વ.પ્રેમજીભાઈ ભીમજીભાઈ લીંબાણી ઉંમર વર્ષ : ૭૦ કચ્છ માં ગામ સિયોત, હાલે ગોઝારીયા.	તારીખ: ૨૪/૬/૨૨ સ્વ.વાલજીભાઈ હીરજીભાઈ ચૌહાણ ઉંમર વર્ષ : ૭૫ કચ્છમાં ગામ દયાપર,હાલે-દહાણુ રોડ (મહારાષ્ટ્ર)

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205